નિતીના બેઝાલ

વિષે

કાવ્ય રમુજી

ભાગ પેહેલો

રચી છપાવી પ્રસિધ કરનાર.

વાંકાનેર નિવાશી, પાનાચંદ અમુલખ

ઠે॰ ખોડા બાવાની ડેલીમાં

હાલ

અમદાવાદ, ભરતખંડ કોટન મીલની ઓફીસ

ઠે॰ અસારવા રોડ કાળુપુર પોસ્ટ

આવૃતી પહેલી પ્રત ૩૦૦૦

અમદાવાદ જયન્તી પ્રિન્ટીગ પ્રેસ દીલ્હી દરવાજે ચકલામાં

સંવત ૧૯૬૪ સને ૧૯૦૮

કીંમત ૦-૧-૩ સવા આનો

શ્રી ૧૧

અર્પણ પત્રિકા.

તિર્થરૂપી વહાલા માતા પિતાઓ.

હું બાળક આપનો નાનપણથી વિરહી થયો છું. આપનો મારા પ્રત્યેનો પ્રેમ હું ઘડી ભાર વિસારી શકતો નથી. અને તેના આભારના બદલામાં હું આપની કાંઇ પણ સેવા બજાવી શકયો નથી. જેથી આ પ્રસંગે આપનું નામ મુબારક કરવા આ મારા પહેલી વખતના પ્રયાસની ચોપડીમા પહેલે પાને મારો શોક પ્રદર્શિત કરૂં છું. અને ચાહું છું કે આપના અમુલ્ય આત્માને સર્વ સ્થળે શાંન્તી મળો.

તા. ૯-૩-૦૮

મુ. અમદાવાદ

પી. એ. એમ.

રંકપુર નિવાશી

લી.

દીનકીંકર બાળક પાનાચંદ અમુલખ.

વાંકાનેર નિવાશી

હાલ

અમદાવાદ ભારતખંડ મીલની ઓફીસમાં

ઠે. કાળુપુર પોષ્ટ અસારવારોડ.

નિતીના બેહાલ.

માલિની.

ગણુપતિ કર જોડું આપ પાસે ઉલ્લાસે;
મમ મતિ સુભ સ્થાપો ગુણ તારા ગવાસે,
લળિ લળિ લળિ લાગુ પાયે હુતો તમોને.
સુભ સુભ મતિ આપો વીમળ વાણી અમોને;

ભુજંગી.

જુઓ ચક્ષુથી હીંદના આજ બાળો, ભણીને તમો કેમ પાણીજ વાળો;
રૂડી રીતથી આપની ટેક પાળો, અનીતી તમે અંતરે દુર ટાળો,
ખરાબી જુઓ આપણી આજ આંખે, ખરા બોલકા માર ઝાઝો ન સાંખે
થયા તે થકી ભુંડડા આજ બાળો, અનીતી તમે અંતરે દુર ટાળો,
જુઓ બાપ દાદા અરેરે ? તમારા, નિતી નામને તે નહી ચુકનારા,
ગયો. સંપ તેનીજ સાથે નિહાળો, અનિતી તમે અંતરે દુર ટાળો.
ગયા હામને દામ તેનીજ સાથે, કરો કામ રૂડા હવે આપ હાથે;
અરે મોતની બીકને આપ ટાળો, અનીતી તમે અંતરે દુર ટાળો,
અરેરે ! ભુલો કેમ ફરજો તમારી, ભણ્યા જે તમે કેમ માનો નઠારી.
તમો તારશો આપણા આજ બાળો, અનીતી તમે અંતરે દુર ટાળો,
ખરી આપણી આજ માબાપ સેવા; વળી દેશના હીતના સુભ મેવા,
અરે નાતના દુષ્ટ રિવાજ બાળો, અનીતી તમે અંતરે દુર ટાળો.

ચડાવો નહીં આપ ભામાજ માથે; ખુઓ આબરૂ આપની નિજ હાથે;
અરે ટેવ એવી તમે આજ ગાળો; અનીતિ તમે અંતરે દુર ટાળો,
તજો ટાળવા જોગ કુટેવ હજારો; ચહો દેહનું સુખ તો તે વિચારો.
શરીરે સુખી તો સુખી સર્વ ભાળો; અનીતિ તમે અંતરે દુર ટાળો;
ધરી ધીરતા અંતરે આપ શાણા; કરો કામ રૂડા હવે ખર્ચિ નાણા,
બની ગાભરા આપ બીજા ન ભાળો; અનીતી તમે અંતરે દુર ટાળો.
દયા નામને ઉરમાં આપ રાખો; કુડા કામને આપ છેટેજ દાખો;
અરે અંતરે રંકના તાપ ટાળો; અનીતી તમે અંતરે દુર ટાળો,
હતું હીંદ જે આપણું આજ ભારે; થયું હાલ બેહાલ દેખો અત્યારે,
જુઓ દેશિઓ આજ રોતા નિહાળો, અનીતી તમે અંતરે દુરટાળો.
વધ્યું આજ વીદેશિનું જોર ભારે; હરી દામને છેતરી માર મારે,
ગયું તે થકી સુરને નુર ભાળો, અનીતી તમે અંતરે દુરટાળો.
કર્યા કૈસને હીંદના આજ બાળા; લિધી સ્ટિકડી ફંદ માડ્યા રૂપાળા,
પહેરી બુટ સ્ટોકીંગને કોટ કાળો; અનીતી તમે અંતરે દુરટાળો.
જુઓ હાકરો કે હવે આજ મારી; દિધા દેશિઓને હવે દંડ ભારી,
ગયું સુર સુરા તણું તે નિહાળો, અનીતી તમે અંતરે દુરટાળો.
લખું લેખણે તો કદી પાર ના'વે; અરે દેશ તું હીંદ બાળો જગાવે,
નહીં તો ખુવારી હવે આંખ ભાળો, અનીતી તમે અંતરે દુરટાળો.
પિ. એ. તો કહે વાગશે ગેબિગોળો; કહે વંકપુરી તણો બાળ ભોળો,
અરે ચેતજો હીંદના સર્વ બાળો; અનીતી તમે અંતરે દુરટાળો.

હું તે હરખ કરી કયાં જઉં. (એ રાગ.)

જન્મા જુવાની આ અનાડી. પજવે માત પીતાને દાડી

અનંત અનંતા દુઃખો વેઠીને. જન્મ આપ્યો જેને
મોટપણે ભાઇ મારવા દોડે. હરામ જાદો તેને. જન્મા
નાનપણુથી મોટાં કરે. મોટી મોટી આશે
સારી ચીજો રાખી મેલે. છોકરા મારા ખાશે. જન્મા
બાળ ક્રીડામાં પાણી માગે, ત્યારે દુધ ધરતાં
મોટો થાએ છોકરો જ્યારે, મા બાપ નથી મરતાં. જન્મા
સાજો માંદો રહે છોકરો. ઝુરી ઝુરી મરતાં;
ઓસડ વેસડ નિત્ય કરીને. છોકરો સાજો કરતાં; જન્મા
જેમ જેમ થાએ મોટાં છોકરાં. તેમ તેમ રાજી થાતાં
રળીને લાવે જરી એટલે. અધમણુ ગાળો ખાતાં જન્મા
રળી ખવરાવે તેટલા માટે, આપી કેળવણી બહુ
ઘર સંસારનો લાવો લેવા. પરણાવી તેને વહુ; જન્મા
રળવા શીખ્યા બાઇડી આવી. એટલે ભાઇતો ફાટા;
ડોકરો ડોકરી ઝટ મરેતો. આપણે હવે ખાટા. જન્મા
માંદા થાએ કદી માવતર, ઢોંગ કરો શું ખોટો;
એમ કહીને વાત ઉડાવે, છોકરો તેનો મોટો. જન્મા
ઓસડ વેસડનો ભાવ ન પુછે, ખાવાનું શું જોઇ;
એક પૈસાના ડાળીઆ લાવું. ખાજો બાંધી ખોઇ જન્મા
કળતર પગે થાય કદી તો, પગ ચાંપશો મારા;
ત્યાંતો છોકરો બોલી ઉઠે, નોકર નથી તમારા. જન્મા
કદાચ જો મંદવાડ વધેતો કોઇને આવે મહેર;
તે બીચારા ચાકરી કરે, છોકરો ન આવે ઘેર. જન્મા

બાઇડીને શીખડાવી મેલે, જો માગે તે કાંઇ;
તો તો તારે એમજ કહેવું. નથી મારા ઘર માંહીં. જન્મા
ઘરમાં કાંઇ ચિજ હોયને, લેવાં કરે આશ;
છોકરાની વઉ બોલી ઉઠે, ના પાડી છે ખાશ. જન્મા
વખતે જો વઢવાડ કરીને, કદાચ લેવા જાય.
જુઠા સાચા સાંધા કરીને, માર ખવરાવવા ધાય; જન્મા
વળી કેટલાંક એવું બોલે, શું માગો છો આંહીં;
હાથ પગ સૌ આપ્યા છે તો, રળી ખાઓને કયાંઇ; જન્મા
માટે ચેતો સર્વે લોકો, છોકરો ન રાખશો છુટ;
બાઇ બાઇને ઉભો થાશે, મારવા તમને બુટ; જન્મા
મુર્ખ ન સમજે કદી જરીતે, માવતર સેવા સાર;
તીરથ છે મા બાપની સેવા, ખોઇ બેસે ગમાર; જન્મા
કદીકરે જો સજ્જન કોઇ, મા બાપોની સેવા;
ઘેર બેઠાં ગંગાજી મળીઆ, મળશે મુકિત મેવા. જન્મા
કરે ઓરતો સુકુળવંતા, નથી માવતર જેના;
છે જેને બાઇ હુડે હુડે. કુળ જુગ લક્ષણુ તેના. જન્મા
સુકુળવંતો કોઇ ન કરસે, કદીએ આવું કામ;
બાઇડીને જેવશ થએલા, તેની આવી હામ; જન્મા
કહે પાનાચંદ અમુલખ વિનતી. મુળ મુળીનો વાશી;
કાઠીયાવાડમાં વાંકાનેર હાલ, નિત્યે રહે ઉદાશી. જન્મા
આ અવનીમાં જીંદગી પર્યંત; જેટલું પુન્ય દાન કરશો;
માત પીતાની સેવા વીના, ખારા સમુદ્રે ધરશો. જન્મા

અબળાનું અભીમાન

તું સાંભળ સૈયર મારી (એ રાગ)

તું સાંભળ સૈયર મારી થઇ ભાગ્યશાળીઓ નારી (એ ટેક)
પતી પાણી પુછીને પીએ. જોતી ચિજ પુછીને લીએ
કેવી લહેર આપણી ભારી. થઇ.
પતી કમાઇ કમાઇને લાવે, સખિમમ સમ બેઠા ખાવે;
કહો કેવી આપણી સુખાકારી. થઇ.
આ મોહની કરમના જોરે, કીધો બંધન પતીને દોરે;
નારી ઉપર પ્રભુ મહેર ભારી. થઇ.
થાએ ખુવાર આપણી માટે, વળી રંક કેરા ગળા કાટે;
કરે છેતર પીંડી તે ભારી. થઇ.
કદી સગો તેનો કોઇ આવે, પહેલું આપણુને પુછાવે;
પછી બતલાવે ઘર બારી. થઇ.
વળી સગો મારો કોઇ આવે, ઝટ ઝટ ઘર તેડીલાવે;
ઉડે શીરા પુરીઓ સારી. થઇ.
પડે પ્રસન આપણુને જેહ. કરે કબુલ પતી પણ તેહ
ગયા નારીથી મરદો હારી. થઇ.
જે પ્રસન પડે કાંઇ એને, મળે પુછયા વગર નહી તેને
એની સમજ પ્રભુ મન ધારી. થઇ.
જ્યારે હઠ આપણી થાએ, ભલે હોય રંક કે રાયે;
પણ લીધુ નહીં મુકનારી. થઇ.

રીંસે બળીએ આપણે કદી, મીઠુ મીઠુ મુખથી વદી;
ચડી રીંસ નાંખે ઉતારી. થઇ.
પતી વશ આપણે હોઇ, નવવઢે આપણુને કોઇ;
સાસુ હોય સારી કે નઠારી. થઇ.
કદી સસરો સામુ બોલે, તે તો એક નોકરની તોલે;
તેનું કારણુ પતી વશ મારી. થઇ.
અહો ભાગ્ય આપણુા માનો, પ્રભુ એની તમે પીછાનો;
મળી નારી સ્વતંત્રાઇ સારી. થઇ.
હીંદુ સ્રિઓ થાય નઠારી, તો હીંદ ખુવારી ભારી;
છે સબ આપણુ આધારી. થઇ.
કહે પી. એ. વકપુર વાશી, છું આથી હું ઉદાશી;
છાતી છાની સળગે મારી. થઇ.

(રાગ) છપનીઓ.

ફસાયા જુલમને જાળેરે, અફીણુ તો હાડજ ગાળે,
અફીણુમાંતો અમે જાણુતા, શરીરે રહે છે ઠીક.
ઘેનમાં જીવડો રાજીરે રહેશે, લેતાં હર્ષે અધિક;
ચડો નહી અફીણુના ચાળેરે,અફીણુ તો હાડજ ગાળે. (ફસાયા)
અમલ વખતે અમલ ન મળે તો, થર થર ધ્રુજે પાય;
જીભલડી તો ટુંકી પડેને, નાડીઓ તુટી જાય.
અફીણીયો આંખે ન ભાળેરે, અફીણુતો હાડજ ગાળે. (ફસાયા)
અફીણીયાને અમલ મળ્યા પછી, નાસ્તો જોઇએ તૈયાર;

ઘંટી બિચારી ઘેર રીંસાય પણ, તેમાં ન ચાલે લગાર.
અફીણુતો રળતા ટાળેરે, અફીણુ તો હાડજ ગાળે. (ફસાયા)
અમલ ઉપર નાસ્તો જોઇએને, ત્રીજો હોકો તૈયાર.
ચોરામાં ચોવટીઓ કહેવાયે, ગુણુ હિણો ગમાર.
ઘરે જઇ બાઇડીના બાળેરે, અફીણુ તો હાડજ ગાળે. (ફસાયા)
અફીણીયાને કામ ન સુઝે, બેઠો ઝોકા ખાય.
કસુંબો ઘડી મળે નહિ ત્યારે, ભાન પણુ ભુલી જાય.
અમલતો દાનત બગાડેરે, અફીણુ તો હાડજ ગાળે. (ફસાયા)
ગામ ખોયાને ગરાશ ખોયા, ખોયા સારા ઘરબાર.
દેવામાં તો ડુબી ગયાને, બંધ થયા રોજગાર.
વ્યસન તો મોતને માળેરે, અફીણુ તો હાડજ ગાળે. (ફસાયા)
અફીણીઆનો વીશ્વાસ ન કરે, જાય તેનો પતિયાર.
લાખની આબરૂ કંકર સમ થાયે, સમજો તમે ગમાર.
ભોગ લાગ્યાને વ્યાસનજ કર્યું, ખાવા ન મળે પાઇ.
જાણું છું મનમાં કરૂં છુ ઓરતો, તોય ન છોડુ ભાઇ.
ચડયો આખુટલે ચાળેરે, અફીણુ તો હાડજ ગાળે. (ફસાયા)
અફીણુ ઉપર એક નથી ભાઇ, વિચારી જુઓ મન.
હરેક વ્યસન એવા છે ભુંડા, ક્ષીણુ કરે આ તન
ચડો નહિ વ્યસનને ચાળેરે, અફીણુ તો હાડજ ગાળે.(ફસાયા)
આજનો વખત કેવો છેને, કેવો આવશે કાલ.
તેનો પહેલા વીચાર કરવો, એવો સમય છે હાલ

નાંખો ભાઇ વ્યસનને ખાળેરે, અફીણ તો હાડજ ગાળે.(ફસાયા)"
માટે ચેતો કહે પાનાચંદ, બંધાણમાં નથી સાર.
ક્ષીણ થાએ આ તનડુ તારૂં, વળી થાઓ ખુવાર.
વ્યસની દુઃખ નજરે નિહાળેરે,અફીણ તો હાડજ ગાળે. (ફસાયા)'

રાગ (પુનમ ચાંદની પુરી ખીલી અહીંરે

નજરે જોઇલ્યો ભારત ભુમિના બાળનેરે
જેથી ખબરજ પડસે ચાલે કેવી ચાલ
શાણા સુણી લ્યો આ શિક્ષા સહુ સ્નેહથીરે

સાખી.—કેળવણી ઝાઝી લઇ, સોધો રૂડો સાર
ત્રિયાને વશ થઇ પડયા, મુરખના સરદાર,
માને ગુરૂસમ આજે સહુ પ્રેમદારે,
પુજે નારી તણા આજે સહુ પાય. શાણા

સાખી.—પાણી પીવું હોયતો, રત્ન આપે નિજનાર,
ત્યારે તરસ્યો તે મટે, ગુણ હીણોજ ગમાર,
બીએ નારી થકી બાયલાઓ અતી સહુરે,
જેથી કરે નહી પુછયા વગર કામ. શાણા

સાખી.—માવીતર મન દીકરો, સ્રી પાસે તો દાશ.
નેવે મુકી નાકને, સેવે સ્રીનો પાશ,
રાખે નહી તે શરમ મા બાપનીરે
છુટાછેડા થવાદે નિજનાર શાણા

શાખી.—માતા પીતા નવ ગમે, જ્યારે આવી નાર.
ખવરાવી મોટા કર્યા,તે ભુલે ઉપકાર,
નાનપણે જેણે ઉછેરી મોટા કર્યારે,
તેને મારે પાપી દુષ્ટજ માર. શાણા

શાખી.—ઘરથી બહારે નીકળી, ચલવે હુકમ હજાર,
સ્રિનો તાબેદાર થઇ, ઉપાડ શીર ભાર.
નારી નચાવે તેમ બંદા નાચતારે,
નારી પાસે નર ધાણીમાંનો શ્વાન. શાણા

શાખી,—કદી બજારે મુલવે, ઉત્તમ વસ્તુ અપાર,
કરશે પાશ મુજનાર તો, રાખશું આ નીરધાર,
કરે પ્રસન નારી સહુ ચીજનેરે,
તેને સુમિત્રો કરે સહુ પાસ. શાણા

શાખી.—લાવે કમાણી જેટલી, આપે તે નિજનાર.
માગે જો માવીતરો, લડવામાં હુશિયાર.
નિજ કમાણી આપે નારિ હાથમાંરે,
આપે નહી માવીતરોને બદામ. શાણા

શાખી.—પૈસા નારી વાવરે, તેનો નહીં તપાસ.
પણ જો પોતે વાવરે, જીવડો જાએ ખાસ.
પુછે નારી ઘરમાં આજે શું તમે વાવર્યુંરે,
પણ નહી નર નારીને પુછનાર. શાણા

શાખી.—લાવ્યો હોય ચીજ કાંઇ, માટે પોતાની ખાશ.

ઉડાવે નિજનાર પણ, તેને ન મળે છાશ.
લાવે ચીજ કાંઇ નારી થકી છાનીઓરે,
ધમકાવે થએ છેતરાઇ નાર. શાણા

શાખી.—ભણી ગણીં પણ ભામની,સોળ ધરે સંગાર,
પાછું વાળી પાનીએ,તે જુએ નિરધાર,
વહાલા વીચારોને હવે તમે ચિ-તમાંરે,
મુકો નારી તણો નકામો આ પાસ. શાણા

શાખી.—શાણાજન સમજો કદી, નારી નરકજ ખાણ.
જીવતાં જાણો ડાકણી, રીસાઇ મુકે મસાણ.
દગા દઇ નારી કાંઇક ગઇ ચાલીયોરે,
રોયાં નરો બહુ નારીનુ માનનાર. શાણા

શાખી.—સાચી ભકતી મા બાપની, જે છે પાલણહાર.
સહન કરયા તુજ સ્વાર્થ, દુખો અપરંપાર.
બાળપણે તારૂ હોંસેથી પાલન કરયુંરે,
વેઠયા અંગે અતી તારા માટે તાપ. શાણા

શાખી.—જેને ઉછેર્યાં તુને, આપ્યુ શિક્ષણ તાત.
ક્ષીણ કરી નિજ ખોળિયું, તુંજ રક્ષણને માટ.
નારિ દેખી થયા વેરી માવીતરોરે,
નર નારીને તો માને તુહી સ્યામ. શાણા

શાખી.—એવા વૃદ્ધ વડીલને, સી સંગે હેવાન.
ભુલી ગયા સહુ બાળકો, મુરખને નાદાન.

સુભ ભવીષ્યના માટે તુને ભણાવીયોરે,
દીધુ અનંતુ સંસારીક જ્ઞાન. શાણા

સાખી.—કહે પાનાચંદ મુળીનો, અમુલખ કેરો તન.
મેતા મારી શાખ છે, વંકપુરીમાં વતન.
માટે ચેતીચેતી સર્વ શાણા ચાલજોરે,
નહી તો પડશે માથે મુદ્દગળનો માર, શાણા

રાગ (તું સાંભળ સૈયર મારી)

તું સાંભળ સૈયર મારી, સતી ધર્મ પતી વૃત ધારી.
પતી સેવા પ્રભુ સમ ધારે, પતી વિણ સતી દુઃખ ભારે;
સતી પતી વિણ નહીં જોનારી. સતી.
સતી પતીની પહેલા ઉઠે, ઘર કામે તરતજ તુઠે;
કરે કામ સર્વ સુધારી. સતી.
પતી પોઢણુ મુક્ત જાણી, બોલે નમ્ર નારી તે વાણી;
આપે દાતણુ જળની ઝારી. સતી.
મુખ મંજન પતી વિચારે, જળ નાવાનું મન ધારે;
લાવે ઉષ્ણ જળ તે નારી. સતી.
પતી નાવણુ જ્યારે કરે, સતિ કપડા સારાં ધરે,
નારી તરત ગંદા નીવારી. સતી.
કરે સતી રસોઇ સારી, થાએ જમવાની તૈયારી;
પતી જમ્યા પછી જમે નારી. સતી.
પતી ધંધે પોતીકે જાએ, કરે નારી બાળકની દાએ.

આપે સુશિખામણ સારી. સતી.
કરે હાંશી નહીં કોઇ સાથે, આપે તાળી ન પર નર હાથે;
આઘું ઓઢીને ચાલનારી. સતી.
નવ ધરે મુખે તંબોળ, તજે સૃંગાર પતિ વિણુ સોળ;
નવ જાય એકલ ઘરબારી. સતી.
પતી વચન મુખથી બોલે, તે તો એક રત્નની તોલે;
લોપે નહીં તે સતી નારી. સતી.
જમાડે જુકિતથી તે સ્વામી, તેમાં રાખે નહીં કાંઇ ખામી;
જમે વધ્યુ ઘટયું એ નારી. સતી.
કરે ખેડક પતીની સારી, આપે પાન પટી જળ ઝારી;
પછી કરે શયન તૈયારી. સતી.
પતી નીંદ્રાવશ જબ થાયે, ત્યાં સુધી ચાંપે નારી પાયે;
પછી શયન બાળકનું ધારી. સતી.
કરે ઢાંક ઢુમતે ઘરમાં, ધરે વિચાર સહુ અંતરમાં;
અંતે નિર્ભય થઇ સુનારી. સતી.
તે ઉંઘ ઝાઝી નવરાખે, નિજ બાળાની સંભાળ દાખે;
નીંદ્રા પતીની નહી તોડનારી. સતી.
આવા સર્વ કાર્ય તે કરે, ત્યારે સતીપતી વૃત ઠરે;
નહીં તો કહે પી. એ. ધુતારી. સતી.

હાય વોયરે હીંદુ પણું જાય હાલ્યું [એ રાગ]

હાય વોયરે તમે શું ? ધારો આ લોકો ?

પાડુ ખરા અંતરથી આ પોકો, હવે ધારા કુધારા રોકો
પેઠા ધારા કુધારા ઘણા, તેને રાખી નહીં કાંઇ મણા;
કર્યા ફાકતા સહુને ચણારે. હાય વોય.
ધંધા પાણી તેથી બધા ગયા, હાલ હવાંલે તેથી થયા;
બાળા ઉપર ન ધારી મયારે હાય વોય.
પેઠો કાઠીઆવાડમાં પેલો, ચાલ કન્યા વિક્રયનો ઘેલો;
તેને સુણાવ્યો સારો મેલોરે. હાય વોય.
જર જોઇ દાનતો બગડી, બાળા ધારે સોનાની લગડી;
અરે ? તેની આખી જીંદગડી રગડારે. હાય વોય.
નિજ સ્વાર્થે ન ખોટજ વાળ્યું, પેટબાળા બિચારીનું બાળ્યું
આપે જીંદગી બધી તે ગાળીરે. હાય હોય.
તેના પાપ બધા આ જાગ્યા, તે છાંટારે સહુને લાગ્યા;
છોડી વતન દુર દુર:ભાગ્યારે. હાય વોય.
થયો બે હાલ કાઠીઆવાડ સારો, તેમાં ભળ્યો ઝાલાવાડ મારો;
હવે વીરલા કોઇ ઉગારોરે. હોય વાય.
ચારે બેસીને ચોવટ કરવી, શાણી હોકલી હાથમાં ધરવી;
વળી રાખે જીભલડી ગરવીરે. હાય વોય.
ધંધો કરૂં તો મહેનત પડશે, પાછા દુઃખો આવીને નડશે.
બેઠી દેતાં થેલીઓ જડશેરે. હાય હોય.
બેઠા બેઠા મોજડી માણીશું ? ખાસી નીંદરડી સારી તાણીશું
નવા જુની ગામની જાણીશુંરે. હાય વોય.

જ્યારે આવશે મારે કાંઇ ટોટો, ત્યારે વટાવશું પાછી નોટો;
વાળશું જમાઇના ઘરનો ગોટોરે. હાય વોય.
કેવી કેવી દાનત રાખી બેઠા, કેમ પ્રભુ બેસારે હેઠા;
તેને જીવતાં જીવડાં પેઠારે. હાય વોય
તેને રૂંએ રૂંએ જીવ પડે, મોત વેળાએ જમડા નડે;
તેની કાયાની રગો સડેરે. હાય વોય.
કહે પી. એ. કર જોડી. દીઓ એવા વીચારે છોડી;
તો ભેટશે સુખડુ દોડીરે. હાય વોય.

હીંદ દેવી અને લક્ષ્મી દેવીનો સંવાદ

લલિત.

હીં—અરર દેવિ લક્ષ્મી ક્યાં ગઇ, વતન છોડીને દુર તું થઇ.
વદન શોગિયું શીદને કર્યું, અજબ રોશથી આશું આદર્યું.
લ—'ભરત' નીમયા વાત છોડી દો, મમ મયા તમે એ નહી વદો.
ચરર ચીતને ના તમે ચિરો, અગન ઝાળમાં ઘૃતના પુરો.
હીં—ગજબ એવડો મેં નથી કર્યો, અરર શોક તેં શાથી આચર્યો.
કમકમી વદે આતું શું અરે, ઉચરતું અહીં વાત તે ખરે.
લ—નવ રહે અહીં ધૈર્યતા મુને, વખત જાયછે શું કહુ તુને.
પર સવાધિને હુંજ આઇશું, વતન છોડીને દુર જાઉંશું.
હીં—કરગરી કહું છેલ્લુ હું તને, વિગતથી કહે વાત તું મને.
ધરદયા જરી આજ હું પરે, હરખ મન ધરી તું કહે ખરે.

[illegible]—વદનથી કહું સાંભળો મયા, અગન ઉઠસે બાળસે હુયા.
જગતના જનો કુઢિયા થયા,ભગત ભોગમાં સુખિયા થયા.
ઠગત લોકમાં તે બધા ઠરયા. સચ સ્યામને ખાડમાં ધર્યા.
નરસહુ ફસ્યા નારિ પાસમાં, અબળ નારિઓ કામ વાસમા.
ફરજનો ફસ્યા મોજ સોખમાં,સજન વર્ગ તો બાગ ગોખમાં.
અવર દેશમાં જેથી જઇ વસ્યા,મમપતી હુરેઆજથી ખસ્યા.
હીં—તમ તણાપતી નામ શું સતી, અરર ક્યાં ગયા શું સુઝી મતી.
અમલ એહનો શુ ઉછાળિઓ,કથન તેહનો શુ ન પાળિયો.
તમ તણા ધણી ક્યાં જઇ વસ્યા,વદનડે વદો ક્યાં તમે ખસ્યા.
ક્યમ તે મળે તે હવે અહી,સરવ દુખડા જાય તે વહી.
[illegible]—મમ ધણી તણુ સંપ નામ છે,કથન તેહનું ઐક્ય! કામ છે.
અવર દેશિઓ પ્રેમથી ચહે, વતન છોડિને ત્યાં જઇ રહે.
ધરમ કામમાં ઢોંગ છોડિને,કરમ કામમાં નીતિ જોડીને.
વરણ સર્વમાં સંપ દાખવે, અભડ છેટને છેટુ ભાખવે.
કપટ કુડથી જો નિત્યે બિએ,મમત નામને છેહ તે દિએ.
ઘર અને વળી નાતમાં ઠરે,અવરવર્ણ પણ ઉરમાં ધરે.
જબ મળે પછી સ્વામી માહરા,ચરણમાં રહુ પાછિ તાહરા.
હી—અરર બાળકો કેમ એકરે, ઉદય હીંદનો શી રિતે સરે.
સન્મતી સુઝે સર્વને અહીં,તરત દુઃખડા જાય તો વહી
કનક મય હતી જે અરે અહીં,કથિર થાઉંછું તેજહું તહી.
નવ ચહે જરી હીત છોકરા, જનુનિ તે તણી ખાય ઠોકરા.
અબળ દેવિઓ ઓરતો કરે,સબળ હુ છતાં હીણુ થઇ ખરે.

ફરજ માહરી જે હવે રહી,વિદિત હું કરૂ માનસે સહી.
નહિતરે પછી ઠામ હું ઠરૂ, વખત આવતા જે થસે ખરૂ.
વદનથી વદે વંકચુરિનો,વણિક બાળ આ મુળ મુળિનો.
અરજ અંતરેઆ.પિ.એ.તણી,લલિત ધારજો અંતરે ગણી

દોધક છંદ.

દેશિજનો સહુ દેશ સુધારો; છે હિત ચાહક તેજ વધારો;
દેશ ઉત્તેજન આપ વિચારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
રંક થયા સહુ આપનુ ભાળો; રૂદન આંખડિ, માંહિ નિહાળો;
હાલ હવાલ થયો હિંદ સારો; દેશિજનો સહું તે ઉર ધારો;
કારિગરિ સહુ નાશજ પામી; હિંદ ખુવારી ખુબી ભરિ જામી;
જોર વિદેશનુ આપ વિચારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
મોહ ભરી નકલી, તમ લીઓ; દેશિ ટકાઉ તમે તજી દીઓ;
અંતર આશ ચહો હિંદ સારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
ચીન જપાનજ આપજ જુઓ; હાથ ચડી લક્ષ્મિ શીદ ખુઓ;
મોહક માલ વિદેશિ નિવારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
દેશિવડે બહુ આપજ શોભો; દેશિ વિના પળ એક ન થોભો;
શોધિ કળા પરદેશિ હજારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
ભીમ સમાં સુરવિર નિહાળો; રાવણ રાજ સમા તમ ભાળો;
તેજ જુઓ હિંદ આજ તમારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
દામ ગયા વળી હામજ ટાળો; નામ નિતિનુ નખોદજ વાળો;
હોંશ ધરો નહિ હિંમત હારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
સોંઘું મળે જન મોંઘું ન લીયો; ડોહુ ટકાઉ તમે તજી દીયો;

લાલચમાં લપટાઇ વિચારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
લાંછન આપ કદી ન લગાડો; બાળકને નહિ આપ બગાડો;
હિંદ તણું હિત તેડ સુધારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
કેળવણી મનથી બહુ જાણો; મેળવણી મનથી સહુ આણો;
દે ઉપદેશ કરો હિંદ સારો; દેશિજનો સહુ તે ઉર ધારો;
વંકપુરી વહતો બહુ સારો; નામ પિ. એ. મુળિ ગામજ ધારો;
દોધક છંદ કહે બહુ સારો; દેશિજનો સહુ તે ઉર ધારો;

રાગ છપનીઓ.

હોદ્દા તેં તો ડાટજ વાળ્યોરે, ગરીબોનો આત્મા બાળ્યો;
મીલ મેનેજર જાણે છે મેં તો, કારકુનો રાખ્યા છે બહુ.
કારકુનો જાણે મીલો અમારી, મજુર અમારા સહુ;
હુકમ મારો કેમ ન પાળ્યોરે, ગરીબોનો આત્મા બાળ્યો (હોદ્દા)
દ્વેષ હોય જો મજુરો સાથે, કાંઇ કાંઇ કાઢે વાંક;
પાયલી અડધો દંડ કરાવે, કારકુનો આડો આંક;
હોદ્દા તારો નિત્યે ભવાડોરે, ગરિબોનો આત્મા બાળ્યો. (હોદ્દા.)
મજુર બિચારા સામા રેથાએ, પાયલી અડધા માટ;
તેંરે અમારો દંડ કરાવ્યો, ઘડશું તારો ઘાટ;
નીકળતું મીલથી બારોરે, ગરિબોનો આત્મા બાળ્યો (હોદ્દા.)
કારકુન દોડયા જાય બિચારા, મોટા તે સાહેબ પાસ;
મીલ મજુરો બિક બતલાવે, મારશું તુને ખાસ;
કરાવ્યો તેં દંડ અમારોરે, ગરિબોનો આત્મા બાળ્યો (હોદ્દા.)

સાહેબ આવ્યા મજુર પાસે, ઘણો ચડાવી ખાર;
ઢીંકા પાટુ દીધી જડાવી, મારવા માંડયો માર;
દીધો કેમ કારકુનને ડારોરે, ગરિબોનો આત્મા બાળ્યો (હોદ્દા.)
મારી મારીને હાડકા ભાંગ્યા, વળી નીકળ મીલ બહાર;
પગાર તારો નહીંરે મળે, લુચ્ચાના સરદાર;
હોદ્દા તારો આવો હુબાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો (હોદ્દા.)
દયાળુ સાહેબ મીલ મેનેજર, દયા આવી દિલમાંથ;
આપુ છું પગાર આ વખતે પણ, આવુ ન કરીશ કયાંય;
હોદ્દા તું તો છે છોગાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદ્દા.
કરજોડીને કહે પાનાચંદ, નથી કારકુનોનો વાંક;
એમ ન કરે તો ધાક ન બેસે, માથે ચડી જાયે રાંક
હલકો તોય નોકર હોદ્દાળોરે, ગરીબોનો આત્મા બાળ્યો હોદ્દા
મજુર લોકો સુણી કવિતા, લેજો આ એક જ્ઞાન;
ત્રણ રૂપિઆનો પટાવાળો પણ, હોદ્દાથી આપજો માન
હોદ્દા તણો હુકમ પાળોરે, ગરિબોને આત્મા બાળ્યો હોદ્દા.
આ ઉપરથી લેવો જોઇએ, સર્વ લોકોને સાર;
હોદ્દાનો હુકમ નહિં માન્યાથી, કેવો પડયો છે માર;
સુણો આ નિચે ગોટાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદ્દા.
સાચને તું તો જુઠ ઠરાવે, જુઠ ઠરાવે સાચ;
ગરિબ બિચારો માર્યો જાએ ધનવંતને થોડી આંચ
હોદ્દા તું તો થયો ફાંકાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદ્દા.
ઉંચને તું તો નિચુ ઘલાવે, નિચને કરે ઉંચ;

અભિમાની નોગરવ ઉતારે, મરદની કાપે મુચ્છ;
હોદા તું તો રંગે રૂપાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદા.
હોદા તેં તો હાક વગાડી, ઠેર ઠેર ઠામે ઠામ;
કાંઇક બિચારા પછડાઇ મુવા, કંઇકનું થયું રૂ મ;
હોદા તું તો મીઠા મુત્રાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હો...
હોદા તારા હુકમથી તો, રંક થયા બહુરાય;
રાય બિચારા રંક થયા, જુઓ હોદાનોરે ન્યાય;
હોદા તું તો જુલમનો જાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદા.
ચીત્ર વિચિત્ર બનાવો જોયા, વળી સુણ્યા બહુકાન;
સુણી દેખીને હૃદય બળે, જીવડો થાએ હેવાન;
હોદા તું તો ફણીધર કાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદા.
મારનો ઘાતો જલદી રૂઝાએ, લેખણ ઘોદો નઠારો;
ભલ ભલાને દિધા ભુલાવી, કરાવ્યો અવતાર અકારો;
હોદા તું તો મોતનો માળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદા.
સ્વદેશની ચડતી કરવા, દેશિએ કર્યો ઇસારો;
એક હાથે કાંઇ તાળિ ન પડે, વીર વકતાઓ વિચારો;
હોદા એતો કર્યો હુબાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદા
માટે વિરો,હકો તમારા, ભોગવો હોદે દારો
વીત્યો વખત ફરી ન આવે, ચેતન હવે વીચારો;
હોદા તો, હડકાયો નિહાળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદા.
ફરી ફરી વીનવે અમુલખ તનયા, મુળ મુળીમાં વાશ
હાલ કહેવાઉછું વંક પુરીનો, કાઠીયાવાડી દાશ;
હોદા તું તો મોજનો માળોરે, ગરિબોનો આત્મા બાળ્યો હોદા.

રાગ (અરજી સાંભળોજે સરકાર)

જુઓ સુધરેલાની સોઇ, જુઓ સુધરેલાની સોઇ,
ધનવાળા ધમરોળ મચાવે, માયાને તો મોઇ. જુઓ.
એફ. એસ. બીને મેટ્રીક ભણતાં, શાહુકારીને જોઇ,
કોટ પાટલુનને ટોપી ઘાલે લાજ આબરૂને ખોઇ જુઓ
પાઇખાનામાં ચીરોટ ફુંકે, પાનપટી ચાવે કોઇ,
ગીવમી વૉટર ગીવમી વૉટર, જુવાનીને જોઇ. જુઓ.
સ્ટિક પાટલુનને સ્ટોકીંગ સુઝો, ઘડીઆળોની સોઇ,
ટાટ અક્કડ ને અસ્રીબંધ, લુગડાં પહેરે ધોઇ. જુઓ.
લંબ ગોળતો ટોપી ઓઢે, સેતાન ચોટીને જોઇ,
ગૅર વીના તો જરી ન ચાલે, ઘરમાં ઘંટી રોઇ. જુઓ.
વીદ્વાનપણુ તો પોતે ધરાવે, કમાય નહી કાંઇ પાઇ,
ઉડાવ ચાહુ ને પાન સોપારી, ઉપર નાસ્તા ખાઇ. જુઓ.
બાટલીના તો બુચો તાણી, ચસ્માને તો જોઇ,
ગુડનાઇટ ગુડનાઇ કરતા ચાલે, ઇજ્જત બધી ખોઇ. જુઓ.
સુધરેલ ખાશા ખમીશ કરાવે; જાકીટને બહુ જોઇ,
હાફકોટ તો કેવા દીશેછે, બુટન બંધન હોઇ. જુઓ.
ગળે બંધા ગલપટા રૂપાળા, કાંડે ઘડીઆળ જોઇ,
સુઝો પહેરીને ઇટીંગ કરવા, કાંટા છરીઓ જોઇ. જુઓ.
માન આપે છે માથે ઉઘાડે, ટોપી બગલમાં લેઇ,
ગુડબાઇ ગુડબાઇ હાથ હલાવે, આનંદી બહુ થઇ જુઓ.
કોલર નૅકટાઇ કફ કરાવે, જુવાનીને મોઇ,

નાત જાતનું નામ ન જાણે, બાપની આબરૂ ખોઇ જુઓ.
પાપ પુન્ય તો કદી ન જાણે, ધર્મને નાંખે ધોઇ,
સ્ત્રી પાસે તો સરવંટ થાએ, રોટલો માગે રોઇ જુઓ.
પ્રભાતે ઉઠી ચીરોટ માગે, ચીરોટ લાવો કોઇ,
દાતણ પાણી તો હરી હરી વાલા, પીછીએ મુખડુ ધોઇ જુઓ.
નાવણ સારૂ પાણી મુકાવે, શોપ મંગાવે કોઇ,
ટુવાલ વીના તો જરી ન ચાલે, ખાંપણ સાંસા હોઇ જુઓ.
તેલ ભરયું કુંચોળુ આવે, દંતીઓ આરશી જોઇ,
મીસીસ પાસે માથુ ઓળાવે, મુરખ કરે ચતુરાઇ જુઓ.
નવ વાગે ત્યાં ચાહ મુકાવે, બીસકુટ તૈયાર જોઇ,
ચીલડ્રન પાસે દુધ મંગાવે, ખાશી બકરી દોઇ જુઓ.
કપ. ચમચા. ને કુંકવા રકાબી, વિદેશી માલને જોઇ,
લોંડી ખાંડને ઘરમાં ઘાલે, મુરખ મનમાં મોઇ જુઓ.
દશ વાગે ત્યારે ડીનર ટાણું, ડીનર લાવો કોઇ,
ચૅર ઉપર તો પોતે બેસે, સ્ટુલ પર ડીનર હોઇ જુઓ.
બાર વાગે ત્યારે સ્લીપીંગ રૂમમાં, સુવા વેળા થઇ,
કોઇ આવેજો મળવા કાજે, પોઢી ગયા છે ભાઇ જુઓ.
ચીચડુક ચીચડુક પંખો ચલાવે, પોઢવા પલંગ જોઇ,
લશરક લશરક ઉંઘો આવે, નસકોરાં તાણે કોઇ જુઓ.
ચાર વાગે ત્યારે ઉંઘમાંથી ઉઠે, આઇસક્રીમ બોટલ જોઇ,
સ્ટીક ચસ્માને હેન્ડ અમ્બરેલા, બાંન્ડીશ બાંધે કોઇ જુઓ
સાંઝ પડે ત્યારે શોખીન સુધરેલ, ફરવા જાયે કોઇ,

પ્રેમ રૂપી બહુ કાંટા વાગે, સ્ત્રી જાતીને જોઇ જુઓ.
ફરીને ફરીને પાછા આવે, મારકેટે હોટલ હોઇ,
ત્યાં આવી ધમરોળ મચાવે, માંશ મદીરાને મોઇ જુઓ.
ઘેર આવે ત્યાં નીસો ચડે બહુ, ગાંડો આવ્યો કોઇ,
હાય હવે મને પીટયો પજવશે, ઘુમટો તાણી રોઇ જુઓ.
રાત પડે ત્યારે સંગીન ગાયન, તબલચી તૈયાર હોઇ,
બાજા વાળો વાજુ વગાડે, ઘુઘરા બાંધે કોઇ, જુઓ.
તાયફા પાસે નાચ નચાવે, મુરખ બેસે સામુ જોઇ,
આંખ તણા પલકારા મારે, ત્રીયા તેની રોઇ જુઓ.
દેશીજનો આચરે છે આવું, થતો નીરધન હીંદ હોઇ,
ખાવા પીવાની ના નથી મારી, દેશી વાપરો જોઇ જુઓ.
વિદેશી ચીજો ઉકરડે કાઢો, દેશી લીયો સહુ કોઇ
હાલ હવાલે મળ્યો હીંદઆ, હવે ચાલોને જોઇ જુઓ.
વિદેશીજનો તો કદી ન ઝાલે, માલ તમારો કોઇ,
નફ્ટ થયા તમે હીંદમાં હીરા, મારી છાતી રોઇ જુઓ.
દેશીજનોએ ડાટ વાળ્યો છે, ભણતર નાંખ્યું ધોઇ
ઝાઝુ લખતાં હીંમત ન ચાલે, કલમ કંપતી હોઇ જુઓ.
મીસ્ટેઇકની સર મારી માગુંછુ, એંગ્રી ન થાશો કોઇ,
જીલ્લે અમદાવાદ કવીત રચીયું પી. એ. મેતા રોઇ જુઓ.
મુળ રહીશછું મુળીનો પણ, હાલ વાંકાનેર હોઇ,
ભારત ભુમીની પડતી દશા, આ રીતે મેં જોઇ જુઓ.

મનહર.

દેશી જનો જાગો હવે દેશ પાયમાલ થયો,
આળસમાં કાઢો કેમ દીન વહી જાય છે.
મોહકમાં મોહી ગયા પૈસેથી ખુવાર થયા,
ટકાઉને તોડી પાડી વીદેશી લેવાય છે.
દેશી ભલે રંક થાય ભુખે ભલે મરી જાય,
વીદેશીને ઉત્તેજન દેશી ન દેવાય છે.
સારા સારા ખાણા પીણા ખાઇ ખાઇ જાડા થયા,
પલંગમાં પોઢી પોઢી ઉંઘડી લેવાય છે.
બેસ બેસ તકીયાને ગાદી પોચી ગાભા જેવી,
ખાઇ પીને આળોટવા બહુ મન થાય છે.
તૃષ્ણાના પુર માંહી મનડુ તણાઇ જાય,
પોતાના ભલાને માટે ગળા તો કપાય છે.
ધરમનું ધામ ભુંડુ કરમતો રૂડુ રૂડુ,
નિતીનું નખોદ વાળી પેટડુ ભરાય છે.
મોત બીક દુરટાળી ધનમાલ ભાળી ભાળી,
સ્વર્ગ સમ સુખ અહી મનથી મનાય છે.
જનમીશું સુભ કર્યું તેનો તો હીસાબ જોતાં,
નિજ દેહ સુખી થઇ એવુંજ ગણાય છે.
જેને કર્યું તારૂ સારૂ તેને તુંતો ભુલી જઇ,
સુખી નિજ દેહ જાણી સુખી સહુ થાય છે.
ભણુતર ભુલી જઇ ફેશનમાં ફશી ગયા,

મરજાદ મુકી દઇ બાપનું બોળાય છે.
કહે પાનાચંદ બહુ નિતી રિતી જાણો હવે,
દુઃખી નિજ બંધુ જોઇ કેમ સહેવાય છે.

કંતા છંદ

સુણુ દેશિજન વિચારો મન, દુઃખી દનદન થતો તુજતન (૧)
અરે વિચાર હૃદય લગાર ઠરે સુખમન તજે દુખ તન (૨)
વારંવાર મન નિરધાર દેશિમાલ ઉરસંભાલ (૩)
નહિ તો હાલ બુરાહવાલ અરેતુંદેખ મનથીપેખ (૪)
ગયોહુન્નર મનથીધર અરેતુંશોક મેલીપોક (૫)
વિદે શિમાલ થીએહાલ મનથીજાણુ દુઃખની ખાણુ (૬)
વિદેશીખાંડ લોંડીરાંડ વટલા૦યુતન સમજતુમન (૭)
બંગડીબહુ બગાડીવહુ દીકરિજાત મારોલાત (૮)
ઝાલે હાથ અરે કમજાત જારીવીર બકેધરિધીર (૯)
કહેપાના ચંદબાના કાઢોઆજ અરે શિરતાજ (૧૦)

વામ છંદ.

સુણુજન તુજમંન ધરીહામ કરકામ [૧]
ઉરધર સુરનર દેશિકામ દેશનામ [૨]
સુણુભ્રાત સુણુવાત વીસરામ હીંદધામ [૩]
તેહબિન દુઃખદીન હરેહામ બિજેધામ [૪]
દુઃખછેક દિનએક પડશેજ નડશેજ [૫]
શુંમરીશ શુંકરીશ દેશકાજ આણિલાજ [૬]

માટકર મનધર હેતબહુ આણિસહુ [૭]
રંકજન ધરીમન ગામગામ રહેનામ [૮]
તુજગામ તુજનામ વડિઆશે સંભાળશે [૯]
કહે પાનચંદમાન હિદહાલ બુરાહવાલ [૧૦]

અરજી સાંભળોને સરકાર (એ રાગ)

નથી કોઇ સંસારે સુંખી, સબ આ દુનિઆછે દુઃખી. (એ ટેક)
સંત કહે હું સુખીઓભાઇ, દુઃખો આ દુનિઆ દીશે.
હાથમાં માળા પેટમાં લાળા, ખાખ ભુંસે જઇ શિસે. નથી
ભોગ લાગ્યા મેં ભેખાજ ધરિયો, હોત હું સંસારી.
નાજુક નાજુક નારિ દેખીને, પરણુત આવી પ્યારી નથી
આમ સમજાવી તેમ સમજાવી, થાત મોટો દરબારી.
હાણુત માણુત આ સંસારે, થઇને હું ઘરબારી. નથી
શેઠ જાણે હું સુખીઓ ભાઇ,નિત્યે હાણું માણું.
લઇગાડીને ફરવા જાઉં, સુખે નીંદ્રાતાણું. નથી
મનડુ જાણે હાય હાયરે, ધન મારૂં જતું રહેસે.
કરૂ વેપારને ખોટ આવે તો, દુઃખડા એ કોણ સહેશે. નથી
રાંક જાણે હું નિર્ધન થયો, જો હોત પાસે ધન.
પુન્ય દાનને કરત સખાવત, રાખત મોટું મન. નથી
વંઝા જાણે હું અભાગણી,હાય હાયરે નાર.
પુત્રવાળી પોક મેલે જઇ, બળ્યો આ અવતાંર. નથી
સાસુ જાણે વઉ ન આવી, હું પુરવની પાપી.

વઉ વાળીએ, મોંવાળ્યુ તેનું કાળજુ નાંખ્યું કાપી. નથી
વરઘાડો કહે હું જેવો નહિ, કોઇ આ સંસારે.
નારી નિવડે અભાગણી તો, જીવવું થઇ પડે ભારે. નથી
પતીવૃતા જાણે છે મેં તો, પુર્વે કર્યા પાપ.
પતીએ મુને પરહરી છે, બીજા ભાઇ બાપ, નથી
ગુણીકા જાણે હું જેવી નહિ, અહિ કોઇ પુન્યાશાળી.
રાય રંકતો ફિદા ફિદા, નાંખુ ગાત્ર ગાળી. નથી
નાટકિઆ કહો નાટક કરિએ, સબ દેખનકુ આવે.
દુનિઆ રૂપી અદભુત નાટક, મફત ચક્ષુ બતલાવે. નથી
માટે ચેતન ચેતીલેને, શું રહયો લોભાઇ.
જમડા જયારે તને પકડશે, ત્યારે થઇશ દુઃખદાઇ. નથી
ભવસાગરથી પાર ઉતરવા, લેવા મુકિત મેવા,
દેશ માટે ભલે શિશ કપાય પણ, કરો દેશિની સેવા. નથી
ઢોંગિ ધુતારા ઘણા પડયા છે, આ જગતની જાળે.
અંધો થઇને જો ભુલ્યો તો, જીવતા તુને બાળે. નથી
દયા ખડગને કરમાં ધારી, ભ્રષ્ટ તાને મારે.
દેશને માટે ભિખ માગો પણ, ઉરમાં દેશિધારે. નથી
હિંદમાતાનો ખરો વિરલો, તજશે નહિ એ કામ.
તજે દેશિજન દેશ પોતાનો, બોળ્યું બાપનું નામ. નથી
મનમાં આપ ન એવું ધારો, શું કરીશ હું એક.
શાણા સમજો કંકર કંકર, પાર બંધાએ છેક. નથી

બે ઘડીની ગમ્મત.

હું તે હરખ કરી કયાં જઉ (એ રાગ)

બળ્યો આ વાંઢાનો, અવતાર ગુમાવ્યો એળે તેં કીરતાર.
મહેનત કરીને ઘર આવુ જ્યાં, પેટ તરફડીયા મારે,
ચુલો પુંજી રાંધવા માંડુ, પાણી નહી પાણીઆરે, બળ્યો.
કરમાં લઇને હું ઘડુલો, પાણી ભરવા જાઉ,
અરે ઉનાળે પગ બળે તો, ખોટી છાંયડે થાઉ, બળ્યો.
જીવડો મારો લબુક ઢબુકીયો, લબ લબ પોતે થાએ,
ભુખ્યા મારી નાડીઓ તુટે, જીવડો મારો જાએ બળ્યો.
એ કારણથી દોડયો જાઉં, પાણી ભરવા કુવે,
ત્યાં મળે નહીં વળી જોરડું, ડબ ડબ આંખુ રૂએ. બળ્યો.
કોઇ પનીહારી પાણી આવે, આપે દોરી ગરણુ,
પાણી ભરીને ઘેર આવું; ત્યાં ભુલ્યો દેવું દરણુ. બળ્યો.
ભુખનો મારયો તે વખતે તો, આમ તેમ આંટા ખાઉં,
સીંચા વીંચા મારૂ મોઢુ થાએ, ગાભરો બની જાઉ. બળ્યો.
પેટ કહે પોકરાણુ મેલાવું, ત્યાં તો જલદી દોડુ,
મોઢુ ઘાલુ હું કોઠીમાં, હાથમાં આવે રોડું. બળ્યો.
વીચાર કરે ત્યાં મનડુ મારૂ, લઇ આવું હું દરણું,
પગ મારા કહે હું નહી ચાલુ, ગળે બાંધતું ગરણું. બળ્યો.
ઉતાવળમાં દોડયો જાઉ બજારે, બાજરી લેવા,

બાજરી બાંધી ખીસા તપાસ્યુ, તો ભુલ્યો પૈસા લેવા, બબ્યો.
દુકાનદાર કહે લાવો પૈસા, કેમ થયા તમે આવા,
નહીતર પડશે ઢીકા પાટુ, તારે અમારે ખાવા. બબ્યો.
ભાઇ હું તો ભુલી ગયો છું, લ્યો પૈસા લઇ આવું;
ભુખ્યા મારૂ ભવન ફરયું છે, શું? હવે પસ્તાવું. બબ્યો.
જા લઇ આવે પૈસા લુચ્ચા, બાજરી ભલે પડી,
જલદી લઇને આવે નહી તો, લુગડુ રાખીશ વડી, બબ્યો.
સાલા લુચ્ચા તું આવ્યો છે, છેતરવાને અમને,
ઉભો રહે પકડાવી દઉં, પોલીસ પાસે તમને. બબ્યો.
ભુલ્યો હુ ભઇસાબ મારા, હુ છુ તારી ગાય,
માફ કરો મહેરબાનજ મારા, છોડો, રાખી દયાય, બબ્યો.
ભુખ ભુખનો ભુલી ગયોને, દોડયો એકીદમ,
મળે નહી પૈસાનું પાકીટ, ખાઇ ગયો ત્યાં ગમ. બબ્યો.
એ ઘડીતો ફાંફા મારયા, પછી આવ્યુ યાદ,
લઇને દોડયો એકીદમ, ચુકવી દીધી દાદ. બબ્યો.
મન મારૂ વિચાર કરેકે? આજ કેમ થયુ આમ,
ભુખડલાએ કેર કીધો ભાઈ, ખાઉ ખરચી દામ. બબ્યો.
એ પૈસાનાં કાળીયા લીધાં, બાંધી ખોઇ તેની,
ભરી બજારે ફાકતો આવ્યો, ખબર ન રહી તેની, બબ્યો.
પડયું પેટમાં એટલું જ્યારે, આવી તેને ભાન,
ઘેર આવીને દરણું દીધું, રાખીને સુદ્ધ શાન. બબ્યો.

ધીમે ધીમે સઘળુ તેને, સુઝવા માંડયું કામ,
પુંજો કાઢું વાસીદ વાળું, માંજુ સઘળા ઠામ. બળ્યો.
છાણા ભાંગુ છાણા ચાળુ, દેવતાને સળગાવું,
હાંડલા કડછીવેલણ ધોઇને,શાક ભાજી લઇ આવુ. બળ્યો.
શાક સુધારૂ પછી વધારૂ, ત્યાં તો આવશે લોટ,
ટીપવા માંડુ પછી રોટલા, પછી જમુ એક ચોટ. બળ્યો.
બળતણ માટે લાકડા લાવુ, મીઠુ મરચુ હલદર,
એતો ભાઇ ભુલી જાઉછું, રસોઇ બનાવુ તરતર. બળ્યો.
ખાધા પછી ખખડદાર હું, સહુ ને મારૂ લાત,
એઠવાડ તો જલદી કાઢુ, કરતો કરતો વાત. બળ્યો.
એટલું કરૂ ત્યાં દહાડે, વાતે, પડવા માંડે રાત,
ખાટલી મારી તરત બીછાવું, ગોદડી ફાંકા સાત. બળ્યો.
પછી પોઢુ એ પલંગે કરતો, એશ આરામ,
નાકોડાં તો એવા તાણુકે, જાગે આખુ ગામ. બળ્યો.
ઉંઘી ઉઠુ નવ વાગતે, વાંઢાનો સરદાર,
દાતણ પાણી ઝટ કરીને, થાઉ કામ તૈયાર. બળ્યો.
કહો ભાઇ આ વાંઢો પુરૂષ, શુ રળે શું ખાય,
વાંઢાનો વિસ્વાસ ન કરે, પછી નાર તેનો જાય. બળ્યો.
દુકાનવાળો ઉધાર ન આપે, જો ન હોય ઘરબારી,
સજ્જન ઘરમાં ગરવા ન દે, જાય તેની ઇતબારી. બળ્યો.

નાત જાતમાં હલકો કહેવાયે, પંચમાં નહી પુછાએ,
જ્યાં જાએ ત્યાં વાંઢો પુરૂષ, હુડે હુડે થાએ. બળ્યો.
કહે પાનાચંદ મુળીનો આ, વીગતથી હેવાલ,
પીતા મારા અમુલખ ડાહ્યા, વાંકાનેરનો હાલ, બળ્યો.

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપી ગ્રાહક થયેલા સાહેબના મુબારક નામો.

રા. રા. શેઠ સાહેબ કેવળદાસ ત્રીભોવનદાસ ભાઇએ, છપામણી અર્ધ આપી આભારી કર્યા છે.

૫૧ શેઠ આત્મારામ, જેસંગભાઈ
૫૧ શેઠ માસુક, ગુલાચંદ
૫૧ શેઠ તારાભાઇ મોતીલાલ
૫૧ શેઠ વાડીલાલ ભગવાનદાસ
૫૧ શેઠ કચુરાભાઇ લહેરાભાઈ
૫૧ શેઠ પાના ઝવેર.
૩૬ શેઠ માસુક મલીચંદ
૩૬ શેઠ હરીલાલ રાઇચંદ
૩૫ સોમનાથ હરીલાલ
૩૦ ચુનીલાલ નાનચંદ
૨૫ છગનલાલ વનમાળીદાસ
૨૫ નગીનદાસ. ગીરધરલાલ.
૨૫ વીરચંદ રાયચંદ
૨૫ સાંકળચંદ. મોતીલાલ
૨૫ સાંકળચંદ ઓઘડભાઇ વડોદરા
૨૫ મોહનલાલ નેણશી. મોરબી.
૨૫ દલાલ. ચકુભાઈ ચુનીલાલ
૨૫ જમસેદજી સાપુરજી મીસ્ત્રી
૨૦ કેશવલાલ પુરૂસોતમદાસ કપાસી
૨૦ ભોગીલાલ લક્ષ્મીચંદ
૨૦ અનુપરામ. સોમનાથ. પુજનેર.
૨૦ પુંજાલાલ છગનલાલ મોરફતીયા
૧૬ છકડ. ઉમેદરામ. સ્ટોર, સપલાયર્સ
૧૬ જગજીવનદાસ મંછારામ. ઠા. રાઇપર
૧૫ રા. રા. આત્મારામ કાશીનાથ,
૧૨ સંભુરામ, વીરચંદ. લુવાર.
૧૨ સાંકળચંદ. પ્રભુરામ. સુતાર.
૧૧ નગીનદાસ. ગીરધરલાલ.
૧૧ દલપતરામ. કલ્યાણદાસ. પુરેખ
૧૧ હરીલાલ. આશારામ.
૧૦ મગન ગોપાળ.

૧૦ પોપટલાલ ચુનીલાલ.
૧૦ માણેકલાલ કરમચંદ.
૧૦ પોપટલાલ જાદવજી.
૧૦ મલીચંદ બલાખીદાસ. રાયપર.
૧૦ મણીલાલ ભોગીલાલ.
૧૦ ચત્રભુજ ભુરાભાઇ.
૧૦ છોટાલાલ પરસોતમદાસ.
૧૦ છગનલાલ જેઠાલાલ.
૧૦ ગીરધરલાલ ઓધડભાઇ.
૧૦ છગનલાલ જેઠાલાલ.
૧૦ મોતીલાલ વીજલાલ.
૧૦ જીવાભાઇ ઘેલાભાઇ. શેશપુર.
૧૦ બાલાભાઇ છગનલાલ. બુકસેલર
૧૦ મલીચંદ બુલાખીદાશ. રાયપુર
૧૦ મોહનલાલ કુવરજી.
૧૦ હીરાલાલ વેલજી.
૧૦ કેશવલાલ રણછોડ.
૬ ગવરીલાલ પુંજાભાઇ.
૬ તુળજાશંકર છગનલાલ.
૫ મુળચંદ ગીરધર.
૫ ગોવીંદલાલ ઉમેદરામ.
૫ દલસુખરામ ત્રીકમલાલ.
૫ મોહનલાલ દેવચંદ
૫ કચરાભાઈ કેશવલાલ.

૫ કેશવલાલ હીંમતલાલ.
૫ ડાહયાભાઈ હરીલાલ.
૫ વાડીલાલ કેશવલાલ.
૫ રણછોડલાલ ભોગીલાલ.
૫ અમૃતલાલ લલ્લુભાઇ.
૫ શીવલાલ લલ્લુભાઇ.
૫ સાંકળચંદ ત્રીકમલાલ.
૫ જૂજલાલ ઓધડભાઇ.
૫ પ્રભાશંકર કાળીદાશ.
૫ મણીલાલ લલ્લુ જાની.
૫ ત્રીભોવનદાસ ગોવરધનદાશ.
૫ મગનલાલ સોમનાથ.
૫ મફતલાલ પ્રભુદાશ
૫ ચંદુલાલ ચુનીલાલ.
૫ ભાઇલાલ મુળજી.
૫ મગનલાલ ને ચંદુલાલ.
૫ છોટાલાલ બેચરદાશ.
૫ વીઠલદાશ ફકીરચંદ.
૫ ભુદરદાશ ઉજમશી.
૫ સ્વદેશી બ્રધર્શ. એન્ડ. કું.
બેંગાલ કોલસાના વેપારી.
૫ વૈદ. દલસુખરામ વનમાળીદાશ.
૫ ડાહયાભાઇ પરસોતમ.
૫ છગનલાલ હીરાચંદ.

૫ પરસોતમ દામોદર.
૫ શા. શીવલાલ મોહનલાલ.
૫ જીવણ હીરાચંદ.
૫ મામદભાઇ શરાફ.
૫ નગીનદાસ લક્ષમીચંદ
૫ પોપટલાલ ખેતશી. દરજી
૫ મહમદખાન. એમ.
૫ ચતુર નાના. શાહપુર.
૫ નરોતમ ઉમેદ. ”
૫ જાડેજા ગુલાબસંગ ભીમસંગ.
૫ ત્રાંશલ મુકડદમ.
૫ વીવીંગ મુકડદમ રસુલખાન.
૫ અમુલખ. ગીરધર. વીસલપુર.
વીરમગામ.
૫ મોદી. જીવણ હીરાચંદ.
૫ મણીલાલ હીમચંદ.

મુળી.

૫ જેસંગ માણેકચંદભાઇ.
૫ સુખલાલ પરસોતમભાઇ.
૫ ત્રીકમલાલ સોમચંદભાઇ
૫ મોહનલાલ કચરાભાઇ.
૫ સુંદર હરજીવનભાઇ.
૫ મોતીચંદ હરજીવનભાઇ.
૫ મલુકચંદ પોપટભાઇ.
૫ મોહનલાલ કચરાભાઇ.
૫ ભોલા હરજીવનભાઇ.
૫ મોહનલાલ અમુલખભાઇ.

વાંકાનેર.

૫ ધનજી ગુલાબચંદ. વકીલ.
૫ માણેકચંદ ડુંગરશી. ”
૫ મણીલાલ પદમશી. ”
૫ ડાયા રવજી. ”
૫ ધરમશી વેલજી. ”
૫ અમરચંદભાઇ. ”
૫ હીરાચંદ. રવજી. શોભાગચંદ

'વ્હાલાઓ એ વાંચો' અને મિત્ર મંડળમાં વંચાવો.'

મારા તરફથી આ ચોપડીનો બીજો ભાગ બહાર પડવાનો છે. જેની અંદર કાઠીઆવાડની કોમોનીઓ કાલા ફાલી ફરતી પાયમાલીનો શોક જનક રીવાજની કહાણી કન્યા વીક્રયનો કડકડતો કેર. ન્યાતના શેઠીઆઓ આ માટે આ ધારો બંધ નથી કરતા તેના બોપાળા ગુજરાતમાં દીલ ચીરનાર દંપતીઓનો લક્ષમા રાખવા જોગ હૃદય ભેદક બનાવ વીગેરે ઘણીક બાબતોનો સમાવેશ કરવામાં આવશે. જેની કીંમત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી ૦-૧-૬ દોઢ આનો, અને પાછળથી લેનાર પાસેથી ૦-૨-૦ લેવામાં આવશે. આ સીવાય દરેક જાતની ચોપડીઓ મંગાવે, યોગ્ય કમીશન લઇ મોકલી આપવામાં આવશે. આ સીવાય બીજા દરેક કામ માટે નીચેના શીરનામે પત્ર વ્યાવહાર કરવો.

વાંકાનેર.

પાનચંદ અમુલખ
કરવાથી પહોંચશે

લી.

ચી. એ. એમ. વંકપુરવાળા
હાલ અમદાવાદ.
ભરતખંડ કોટન મીલની
ઓફીસમાં ઠે. કાળુપુર
પોસ્ટ અસારવા રોડ.

પેબલના ચસ્મા. !!



ખાસ વિલાયતથી મંગાવેલ ખરા પેબલના ચસ્મા અમારે ત્યાંથી ઘણુજ ઓછા ભાવથી મળે છે.

વિલાયતમાં પાસ થએલા આંખના ડાકટર બળવંતરાય નરસીંહલાલ કાનુગાને અમારે ત્યાં ડાકટરી ચસ્માની પેટીમાંથી આંખ તપાસી ચસ્માનો નંબર બરાબર કાઢવા માટે રોકવામાં આવ્યા છે.

ચસ્માની ફ્રેમો નીકલની, એલ્યુમીનીયમની, રોલગોલ્ડ, કેરેટ વીગેરે હરેક જાતની ફ્રેમો અમારે ત્યાંથી મળે છે.

ચસ્માનું રીપેર કામ ઘણુજ ઓછા ભાવથી કરવામાં આવે છે. મોતીઆના ચસ્મા પણ અમારે ત્યાંથી મળે છે.

અમારે ત્યાંથી લીધેલા પેબલના ચસ્મા એક વરસ સુધી પૈસા લીધા વીના નંબર બદલી આપવામાં આવે છે.

એક વરસ પછી લીધેલા ચસ્મા અગર જુના પેબલના ચસ્માનો નંબર ફક્ત રૂપયો એક લેઈ કાચ ફેરફાર કરી આપવામાં આવે છે. ખાસ જૈનના સાધુ સાધ્વીઓને માટે નફો લીધા વિના ચસ્મા આપવામાં આવે છે.

આ ઉપરાંત અમારે ત્યાં પ્રાઇમસના ચુલા તથા નીચે પ્રમાણે માલ વેચાય છે. માટે સદ્‌ગૃહસ્થોને અમારી દુકાનની મુલાકાત લેવા ખાસ ભલામણ કરીએ છીએ.

ચુનીલાલ મયાચંદ, મહેતા.

ઝવેરીવાડ દરવાજા નં. ૩૬૧૪ અમદાવાદ.—મકરર એન હોલની દવાઓનાં ચીફ એજન્ટ.